CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# આત્મનિર્ભર ઇન્વેસ્ટર્સનું સશક્તિકરણ



આત્મવિશ્વાસુ અને આત્મનિર્ભર ઇન્વેસ્ટર્સના રાષ્ટ્રનું નિર્માણ કરવું

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# આત્મનિર્ભર ઇન્વેસ્ટર્સનું સશક્તિકરણ

## સીડીએસએલ સાથે

**સુવિધાજનક** **વિશ્વસનીય** **સુરક્ષિત**

## ડીમેટ ખાતાં

સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) એ ભારતની પ્રથમ અને એકમાત્ર લિસ્ટેડ ડિપોઝિટરી છે જે વિશ્વસનીય અને સુરક્ષિત ડિજિટલ સેવાઓ સાથે દેશભરના ઇન્વેસ્ટર્સને સશક્ત બનાવવા માટે સમર્પિત છે.



INVESTOR PROTECTION FUND TRUST

# ડિજિટલ ટૂલકીટ

## આત્મનિર્ભર ઇન્વેસ્ટર બનવા માટે



CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ડીમેટ ખાતાં

'ડીમેટ ખાતું' (ડીમેટીરિયલાઇઝ્ડ એકાઉન્ટ) એ ટ્રેડિંગ અને રોકાણોમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતો શબ્દ છે. તે ઇલેક્ટ્રોનિક માધ્યમો છે જેના દ્વારા ઇન્વેસ્ટર્સ શેરને સુરક્ષિત રીતે હોલ્ડ, ટ્રેડ અને મૉનિટર કરી શકે છે, અને આ રીતે ટ્રાન્ઝૅક્શનને સરળ અને કાર્યક્ષમ બનાવે છે.

**ઇન્વેસ્ટર્સ ડિપોઝિટરીમાં રહેલ તમામ સિક્યોરિટીઝને તેમના ડીમેટ ખાતામાં રાખી શકે છે.**




**બંને લિસ્ટેડ અને અનલિસ્ટેડ સિક્યોરિટીઝ**

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# મારે ડીમેટ ખાતાની જરૂર કેમ છે?

શેર અને સિક્યોરિટીઝને સુરક્ષિત અને સરળ રીતે ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં હોલ્ડ કરવા માટે,

- કાગળ-આધારિત સિક્યોરિટીઝને લગતી છેતરપિંડી, ચોરી અથવા તેને થતા નુકસાનને કારણે ઉદ્‌ભવતા જોખમોને દૂર કરે છે.

- તમામ માટે એક જ ખાતું
  - એક જ ખાતા દ્વારા તમારા તમામ રોકાણને ટ્રેક કરો.
  - ઑડ લૉટ: એક શેર પણ ખરીદો અથવા વેચો.

- ટ્રાન્ઝૅક્શનની પ્રક્રિયા અને સેટલમેન્ટ માટે થતા ઓછો ખર્ચ અને સમયની બચત. કોઈપણ અતિરિક્ત ખર્ચ વિના મોટા પ્રમાણમાં સિક્યોરિટીઝનો કાર્યક્ષમ રીતે સંગ્રહ અને ટ્રાન્ઝૅક્શન કરી શકો છો.

- સેબીની નવીનતમ માર્ગદર્શિકા મુજબ, તમે શેર સર્ટિફિકેટ જેવી સિક્યોરિટીઝ ફિઝિકલ ફોર્મ અથવા ડીમેટ ફોર્મમાં હોલ્ડ કરી શકો છો. જો કે, એપ્રિલ 01, 2019 થી અમલમાં આવ્યા અનુસાર, જો સિક્યોરિટીઝ ડીમેટ ફોર્મમાં હોય તો જ તેને ટ્રાન્સફર કરી શકાય છે.

- ડિવિડન્ડ, રિફંડ અથવા વ્યાજ જેવા કોર્પોરેટ ઍક્શનના લાભો ઑટોમેટિક રીતે ડીમેટ ખાતાધારકો માટે ઉપલબ્ધ છે. બોનસ, રાઇટ શેર અથવા સ્ટૉક સ્પ્લિટ ડીમેટ ખાતામાં ઑટોમેટિક જમા થાય છે.

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ડીમેટ ખાતા નંબર

દરેક ડીમેટ ખાતાનો પોતાનો 16 અંકનો અનન્ય ડીમેટ ખાતા નંબર હોય છે જે બેનિફિશિઅરી ઓનર આઇડી અથવા બીઓ આઇડી તરીકે પણ ઓળખાય છે.

સીડીએસએલ ના કિસ્સામાં, તે ડીપી આઇડી (પ્રથમ 8 અંકો) અને ગ્રાહક આઇડી (છેલ્લા 8-અંકો) નું સંયોજન છે.

બીઓ આઇડીનો પ્રારંભ નંબરથી થાય છે, એટલે કે

**12010000 00000001**

| ડીપી આઇડી | ગ્રાહક આઇડી |
|---|---|
| 12010000 | 00000001 |

તમારા સીડીએસએલ ડીમેટ ખાતામાં હોલ્ડ કરી શકાય તે સિક્યોરિટીઝની સૂચિ: સૂચિ જાણવા માટે અહીં ક્લિક કરો
https://www.cdslindia.com/eservices/Investors/InvestorCorner

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ડિપોઝિટરી

ડિપોઝિટરી એ ડિમટીરિયલાઇઝ્ડ ફોર્મમાં સિક્યોરિટીઝ હોલ્ડ કરવા માટે અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન માટેની સુવિધા આપતી વ્યવસ્થા છે.

ડિપોઝિટરી એ સિક્યોરિટીઝ માટેની બેંક જેવી છે, જે ઇન્વેસ્ટર્સને તેમના રજિસ્ટર્ડ ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી) (બેંકોની શાખાઓની જેમ) દ્વારા ડીમેટ સર્વિસ પ્રદાન કરે છે.

ડિપોઝિટરી દ્વારા આપવામાં આવતી સેવાઓનો લાભ લેવા માટે ઇન્વેસ્ટરે તેમને ડીમેટ ખાતું ખોલવા અને જાળવવાની, શેરનું ડિમટીરિયલાઈઝેશન, શેર ટ્રાન્સફર, શેર પ્લેજ કરવાની, ખાતું ફ્રીઝ કરવાની વગેરે જેવી વિવિધ સેવાઓ પૂરી પાડતા અને રજિસ્ટર થયેલ હોય તેવા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) ને ત્યાં ડીમેટ ખાતું ખોલાવવાનું રહેશે.

**ડીપીની સૂચિ**
https://www.cdslindia.com/eservices/DP/DPlist

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# સીડીએસએલ

એક લક્ષ્યને પૂર્ણ કરવા માટે 1999 માં સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) ની સ્થાપના કરવામાં આવી હતી: સુવિધાજનક, વિશ્વસનીય અને સુરક્ષિત ડિપોઝિટરી સર્વિસ. બે દાયકાથી વધુ સમય બાદ, અમારું પ્રત્યેક કાર્ય – પછી તે અમે કરેલ મૂલ્યોના નિર્માણ હોય કે વિવિધ એસેટ ક્લાસ અને ઇ-સેવાઓનું ડિમટીરિયલાઈઝેશન હોય – તે તમામે વ્યાજબી કિંમતે આ એકમાત્ર લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સહાય કરેલ છે.

અમે એક માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્સ્ટિટ્યુશન (એમઆઇઆઇ) છીએ અને મૂડી બજાર માળખાનો એક મહત્વપૂર્ણ ભાગ છીએ, જે તમામ માર્કેટ સહભાગીઓ - એક્સચેન્જ, ક્લિયરિંગ કોર્પોરેશનો, ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી), ઇશ્યુઅર્સ અને ઇન્વેસ્ટર્સને સેવાઓ પૂરી પાડે છે.

તમને સુરક્ષિત ભવિષ્યની રાહ બતાવનાર સીડીએસએલની સેવાઓ સાથે **#AtmanirbharInvestor** બનવાનું પસંદ કરો.

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ખાતું ખોલવું

## સીડીએસએલ ડીમેટ ખાતું કેવી રીતે ખોલવું

**સીડીએસએલના ડિપોઝિટરી સહભાગી (ડીપી) નો સંપર્ક કરો**

**તેમના દ્વારા પ્રદાન કરવામાં આવતી સેવાઓ અને તમારી સુવિધા અનુસાર તેમની પસંદગી કરો**

**તમારી કેવાયસી વિગતો સબમિટ કરો:**
- **ઓળખનો પુરાવો - પાનકાર્ડ**
- **ઍડ્રેસનો પુરાવો - બેંક વિગતો**

કેવાયસી (નો યોર કસ્ટમર) પ્રક્રિયા માટે વધારાના દસ્તાવેજો પ્રદાન કરો. સુવિધાજનક, વિશ્વસનીય અને રજિસ્ટર થેયલ હોય તેવા ડીપી દ્વારા ડીમેટ ખાતું ખોલાવીને રોકાણને લગતું જોખમ ઓછું કરો.

સીડીએસએલ ડીપીની સૂચિ
https://www.cdslindia.com/eservices/DP/DPlist

પસંદગી કર્યા બાદ તમને તમારા પસંદ કરેલ ડીપીના માહિતી આપતા પેજ પર લઈ જવામાં આવશે. પેજ પર ડીપીના ટેરિફ માળખા તથા સર્વિસ સેન્ટર સંબંધિત માહિતી આપવામાં આવેલ છે. ડીપી ટેરિફ સ્ટ્રક્ચરની સરખામણી કરીને જાણકાર નિર્ણય લો.

**CDSL**
INVESTOR PROTECTION FUND TRUST

# ખાતું ખોલવું

બનો #AtmanirbharInvestor



## શું કરવું

- સહી કરતાં પહેલાં ખાતું ખોલવા માટેનું ફોર્મ કાળજીપૂર્વક વાંચો.
- એલર્ટ મેળવવા માટે ડીમેટ ખાતું ખોલાવતી વખતે રજિસ્ટર કરતાં સમયે તમારા પોતાના ઇમેઇલ આઇડી અને મોબાઇલ નંબરનો ઉપયોગ કરો.
- બેંકની વિગતો યોગ્ય રીતે અપડેટ કરવામાં આવી હોવાની તથા તમારા ડીમેટ ખાતા સાથે લિંક થયેલ હોવાની ખાતરી કરો (કારણ કે ડિવિડન્ડ અને રિડમ્પશન સીધા તમારા બેંક ખાતામાં જમા કરવામાં આવશે).

## શું ન કરવું

- રજિસ્ટર ન થયેલ હોય તેવા મધ્યસ્થીઓ સાથે વ્યવહાર કરશો નહીં.
- તમારા ડીમેટ ખાતાની વિગતો (પાસવર્ડ) કોઈની સાથે શેર કરશો નહીં.
- ડીમેટના શુલ્કની ચુકવણી રોકડેથી કરવાનું ટાળો. ભવિષ્યમાં જો કોઈ વિવાદ થાય તો તેવા કિસ્સામાં માહિતી મળી રહે તે માટે ચેક, ઇન્ટરનેટ બેંકિંગ જેવા વિકલ્પો પસંદ કરો.

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# નૉમિનેશન

બનો #AtmanirbharInvestor



## શું કરવું

- તમારા ડીમેટ ખાતામાં હંમેશા નૉમિનીની નિમણૂક કરો.
- માત્ર વ્યક્તિગત ખાતાધારકો જ નોમિનેટ કરી શકે છે.
- જ્યાં સુધી ખાતું કાર્યરત હોય ત્યાં સુધી તમે નૉમિની ઉમેરી/બદલી શકો છો.
- એકલ/સહ ધારકો નૉમિનીની નિમણૂક કરી શકે છે.
- ડીમેટ ખાતાના વધુમાં વધુ 3 નૉમિની હોઇ શકે છે.
- એવા સગીર કે જેમનું પ્રતિનિધિત્વ તેમના ગાર્ડિઅન દ્વારા કરવામાં આવે છે, તેવા સગીરને નૉમિની તરીકે નિમી શકાય છે.

## શું ન કરવું

- વ્યક્તિ ન હોય તેવા એકમો નૉમિની તરીકે નિયુક્ત થઈ શકતા નથી કે નૉમિનીને નિયુક્ત કરી શકતા નથી.
- પીઓએ ધારકો નૉમિનીને ઉમેરી/બદલી શકતા નથી.
- સગીર ખાતાધારકો દ્વારા નૉમિની નિમણૂક કરી શકાતા નથી.
- એકલ/સંયુક્ત ધારકો પોતાને નૉમિની/ઓ તરીકે નામાંકિત કરી શકતા નથી.

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ડીમેટ ડેબિટ એન્ડ પ્લેજ ઇન્સ્ટ્રક્શન (ડીડીપીઆઇ)

બનો #AtmanirbharInvestor



ડીડીપીઆઇ એક વૈકલ્પિક દસ્તાવેજ છે જે બીઓ દ્વારા અમલમાં મુકવામાં આવેલા ટ્રેડના સેટલમેન્ટ માટે પે-ઇન જવાબદારીઓને પૂર્ણ કરવાના મર્યાદિત હેતુ માટે સ્ટૉક બ્રોકર/ડિપોઝિટરી સહભાગીને ડીમેટ ખાતું ઍક્સેસ કરવા માટે અધિકૃત કરે છે.

ડીડીપીઆઇ પણ પીઓએની જેમ જ કાર્ય કરશે તથા પીઓએનો દુરુપયોગ નોંધપાત્ર રીતે ઓછો થશે.

ડીડીપીઆઇનો ઉપયોગ નીચે જણાવેલ હેતુઓ માટે કરી શકાય છે:

- તમે જે સ્ટૉક્સમાં ટ્રેડ કર્યું હોય તે તમારા બ્રોકર દ્વારા ચુકવણી માટે ડેબિટ કરી શકાય છે.
- માર્જિન માટે શેર ગીરવે મૂકી શકાય છે.
- મ્યુચ્યુઅલ ફંડ યુનિટ રિડીમ કરી શકાય છે અથવા જો
- તમે બાયબૅકમાં ભાગ લો છો તો શેર બાયબૅક માટે ડેબિટ થઇ શકે છે.

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# SMART સુવિધા
## (ટ્રાન્ઝૅક્શન સંબંધિત એસએમએસ ઍલર્ટ)

બનો #AtmanirbharInvestor




### શું કરવું

- તમારા સીડીએસએલ ડીમેટ ખાતામાં તમારો મોબાઇલ નંબર હંમેશા અપડેટ રાખો.
- ડેબિટના તથા કોર્પોરેટ ઍક્શન ક્રેડિટના એસએમએસ ઍલર્ટ મેળવવા માટે તમે સીડીએસએલની "SMART" સુવિધાનો લાભ લેવા માટે રજિસ્ટર કરાવો.
- તમારા ડીમેટ ખાતામાં ઑફ-માર્કેટ અથવા માર્જિન પ્લેજ ટ્રાન્ઝૅક્શનના કિસ્સામાં ઓટીપી માટે તમારા મોબાઇલના મેસેજ (એસએમએસ) તપાસો.

### શું ન કરવું

- જો તમારા મોબાઇલ નંબરમાં ફેરફાર થાય છે, તો તમારા ડીમેટ ખાતામાં તે નંબર અપડેટ કરવાનું ભૂલશો નહીં.
- ડીમેટ ખાતામાં ટ્રાન્ઝૅક્શન માટે ક્યારેય ઓટીપી શેર અથવા ફોરવર્ડ કરશો નહીં.
- તમારા ડીમેટ ખાતામાં થયેલ અનધિકૃત ડેબિટ અંગે મળેલ કોઈપણ સીડીએસએલ એસએમએસ ઍલર્ટને અવગણશો નહીં અને તરત જ તમારા ડીપી નો સંપર્ક કરો.

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

**CDSL**

INVESTOR PROTECTION FUND TRUST

# તમારા સીડીએસએલ ડીમેટ ખાતાની વિગતો અપડેટ કરો

બનો #AtmanirbharInvestor



## શું કરવું

- તમારા ઍડ્રેસમાં અથવા બેંક ખાતાની વિગતોમાં ફેરફારની તમારા ડીપીને તરત જ જાણ કરો.
- તમારા સીડીએસએલ ડીમેટ ખાતા સાથે સંકળાયેલ તમારો ઇમેઇલ આઇડી અને મોબાઇલ નંબર હંમેશા અપડેટ રાખો.
- તમારો ઇમેઇલ આઈડી ઇશ્યુઅર્સ/આરટીએ સાથે શેર કરવા માટે સંમતિ આપીને પર્યાવરણની સુરક્ષામાં યોગદાન આપો અને ઇમેઇલ પર ઇ-નોટિસ, વાર્ષિક અહેવાલો ત્વરિત મેળવો.

## શું ન કરવું

- જો તમને તમારા અપડેટેડ ઇમેઇલ આઇડી અથવા મોબાઇલ ફોન નંબર પર ટ્રાન્ઝૅક્શન સ્ટેટમેન્ટ/એસએમએસ ઍલર્ટ પ્રાપ્ત ન થાય તો તુરંત જ તમારા ડીપીનો સંપર્ક કરો.

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

easi

'easi' (ઇલેક્ટ્રોનિક એક્સેસ ટુ સિક્યોરિટીઝ ઇન્ફોર્મેશન) એ વિતેલા 30 દિવસોમાં તથા નાણાંકીય વર્ષ (365 દિવસ) માં થયેલ ટ્રાન્ઝેક્શન અને હિસ્ટ્રી જોવા તથા પ્રિન્ટ કરવા માટેની એક ઇન્ટરનેટ-આધારિત સુવિધા છે.

- તમારા ડીમેટ ખાતાને મૉનિટર કરો અને પ્રોફાઇલમાં ફેરફાર કરો.
- ટ્રાન્ઝેક્શન, હોલ્ડિંગ્સ તથા પાછલા નાણાંકીય વર્ષના સ્ટેટમેન્ટ જુઓ અને પ્રિન્ટ કરો.
- નવીનતમ વેલ્યુએશન અંગે માહિતગાર રહો.
- એક જ લૉગ-ઇન આઇડી વડે એકથી વધુ ડીમેટ ખાતા જુઓ.
- કન્સૉલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ (સીએએસ) નો ઍક્સેસ.
- ઇ-ડૉક્યૂમેન્ટને સુરક્ષિત રીતે સ્ટોર કરવા અને શેર કરવા માટે ઇ-લૉકર સુવિધાનો લાભ લો.
- કોર્પોરેટ જાહેરાતો વિશે માહિતગાર રહો - તમારા ડીમેટ ખાતામાં ન હોય તેવા 25 જેટલા આઇએસઆઇએન ઉમેરવાનો વિકલ્પ.

MyEasi Myeasi મોબાઇલ એપ ડાઉનલોડ કરો, જે અહીં ઉપલબ્ધ છે: GET IT ON Google Play | Download on the App Store

https://web.cdslindia.com/myeasitoken/Home/Login

CDSL

INVESTOR PROTECTION FUND TRUST

easiest

easiest (ઇલેક્ટ્રોનિક એક્સેસ ટુ સિક્યોરિટીઝ ઇન્ફોર્મેશન એન્ડ એક્ઝિક્યુશન ઑફ સિક્યોર્ડ ટ્રાન્ઝેક્શન્સ) એ સીડીએસએલની દેખરેખ તેમજ ટ્રાન્ઝેક્શન કરવા માટેની ઇન્ટરનેટ-આધારિત સુવિધા છે.

- easi ની તમામ સુવિધાઓ અને લાભો.
- easi અને easiest ના વપરાશકર્તા માટે સીડીએસએલ ની Myeasi એપ દ્વારા ઝંઝટ-મુક્ત ઍક્સેસ.
- ટ્રાન્ઝેક્શન મૉનિટર | સેટ | ફ્રીઝ | અનફ્રીઝ કરો.
- બીઓ દ્વારા સૂચનાઓ સબમિટ કરવાની સુવિધા.
- પહેલેથી જ easi ના સભ્ય છો? અપગ્રેડ કરીને easiest નો ઉપયોગ કરો.

**easiest માં બે પ્રકારના એકાઉન્ટ ટ્રાન્સફર ઉપલબ્ધ છે**

- **વિશ્વસનીય ખાતા ટ્રાન્સફર:**
  પસંદગીના, સીડીએસએલના અગાઉથી સૂચિત કરેલ કોઈપણ 4 ડીમેટ ખાતામાં સિક્યોરિટીઝની ટ્રાન્સફર.
- **મનપસંદ ખાતું - ટ્રાન્સફર:**
  ડિજિટલ હસ્તાક્ષર દ્વારા સીએમ સેટલમેન્ટ ખાતા સહિત બીઓ એકાઉન્ટમાંથી અન્ય કોઈપણ ડીમેટ એકાઉન્ટમાં સિક્યોરિટીઝ ટ્રાન્સફર કરી શકાય છે.

સીડીએસએલની EASIEST સુવિધા સાથે સુરક્ષિત રૂપે મૉનિટર કરો અને ટ્રાન્ઝેક્શન કરો

https://web.cdslindia.com/myeasitoken/Home/Login

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ડિલિવરી ઇન્સ્ટ્રકશન સ્લીપ (ડીઆઇએસ)

બનો #AtmanirbharInvestor



## શું કરવું

- રેક્વિઝિશન સ્લિપ તથા સ્લિપનો સીરીયલ નંબર ક્રમ જાળવી રાખવામાં આવ્યો હોવાની ખાતરી કરો.
- સ્લીપ પરની કોઈપણ ખાલી જગ્યાને ચેકી નાંખો.
- ડીઆઇએસ બુકને સાચવીને રાખો.
- તમામ ઑફ માર્કે ટ્રાન્ઝૅક્શન માટે કારણ, ચુકવણીની રકમ અને ચુકવણીની વિગતો જણાવો.

## શું ન કરવું

- જો દરેક સ્લિપ પર તમારો ડીમેટ ખાતા નંબર તેમજ સીરીયલ નંબર સાથે પહેલાથી પ્રિન્ટ થયેલ ન હોય તો ડીપી પાસેથી ડીઆઈએસ બુક સ્વીકારશો નહીં.
- તમારી સહી કરેલી સૂચના સ્લિપ કોઈની પાસે મૂકશો નહીં, કારણ કે તે એક બેરર ચેકની સમકક્ષ છે.

(ડીઆઇએસ એ તમારા ડીમેટ ખાતાની એક પ્રકારની ચેક બુક છે)

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

CDSL

INVESTOR PROTECTION FUND TRUST

# e-Voting

સીડીએસએલની ઇ-વોટિંગ સિસ્ટમ વડે શેરધારકો/સભ્યો, ઇ-વોટિંગ બંધ ન થાય ત્યાં સુધી, કંપનીના ઠરાવો પર ઑફિસની મુલાકાત લીધા વિના, દૂર રહીને પણ ઇલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરી શકે છે.

- શેરધારકો એજીએમ/ઈજીએમ પહેલાં અથવા તે દરમિયાન દૂર રહીને www.evotingindia.com પર તેમનો મત આપી શકે છે.
- તમારી સુવિધાના સમયે અને સ્થળેથી કોર્પોરેટ નિર્ણય લેવામાં ભાગ લો.
- વિડિઓ કોન્ફરન્સિંગ (વીસી) અથવા અન્ય ઑડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા એજીએમ/ઇજીએમમાં ભાગ લો.
- તમે તમારા ડીપીના ઑનલાઇન પોર્ટલ પરથી ઇ-વોટિંગ કરી શકો છો અથવા ડિપોઝિટરીની વેબસાઇટ પર ઇ-વોટિંગ ટૅબ પર ક્લિક કરી શકો છો.

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ડિમટીરિયલાઇઝેશન (ડીમેટ)

બનો #AtmanirbharInvestor




## શું કરવું

- નીચે જણાવેલ બાબતો માટે હંમેશા અલગ ડીમેટ રિક્વેસ્ટ ફોર્મ (ડીઆરએફ) ભરો,

  i. ફ્રી અને લૉક-ઇન સિક્યોરિટીઝ માટે,
  ii. પ્રત્યેક આઇએસઆઇએન માટે,
  iii. વિવિધ કારણોસર લૉક-ઇન કરેલ સિક્યોરિટીઝ માટે,
  iv. વિવિધ પેઇડ-અપ વેલ્યૂની સિક્યોરિટીઝ માટે અને
  v. પ્રત્યેક ગ્રાહક ખાતા માટે.

- તમામ ડીમેટ ખાતા ધારકોએ ડીપી અને જારીકર્તા/આરટીએના રેકોર્ડમાં કરેલ સહી મુજબ ડીઆરએફમાં સહી કરવાની રહેશે.

## શું ન કરવું

- સિક્યોરિટીઝને ડીમેટ કરવા માટે મોકલતા પહેલા તે સિક્યોરિટીઝના વિશિષ્ટ નંબરની નોંધ કરવાનું ભૂલશો નહીં.

- ડીમેટ કરવા માટેની વિનંતી મોકલતા પહેલા આઇએસઆઇએન અસ્તિત્વમાં હોવાની ખાતરી કરવાનું ભૂલશો નહીં.

- ડીમેટ માટે મોકલતા પહેલાં, બાકી ડીમેટ વિનંતીઓ ધરાવતી ટોચની 200 કંપનીઓમાં તે કંપની છે કે નહીં તે તપાસો.

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# eCAS

સીડીએસએલના કોન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ (સીએએસ) માં સીડીએસએલ અને એનએસડીએલ (ડિપોઝિટરીઓ) માં રહેલ ડીમેટ ખાતા(ઓ)માં થયેલ ટ્રાન્ઝેક્શન અને હોલ્ડિંગ્સનું તેમજ મ્યુચ્યુઅલ ફંડ્સ (એમએફ) ના સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ (એસઓએ) પ્રકારનું સિંગલ એકાઉન્ટ સ્ટેટમેન્ટ વગેરે જેવી ઇન્વેસ્ટરની તમામ ફાઇનાન્શિયલ સિક્યોરિટીઝની માહિતી સંયુક્ત રીતે જોઇ શકાય છે.

- ડીમેટ અને એમએફમાં રોકાણોની સંયુક્ત માહિતી.
- જો કોઇ ટ્રાન્ઝેક્શન થયેલ ન હોય તો અર્ધ-વાર્ષિક હોલ્ડિંગ સ્ટેટમેન્ટ.
- ડીમેટ અથવા એમએફ માં થયેલ કોઇપણ ટ્રાન્ઝેક્શનના કિસ્સામાં માસિક સ્ટેટમેન્ટ.
- ઇસીએએસ સેવાનો લાભ લેવા માટે તમારા ડીમેટ એકાઉન્ટ/એમએફ ફોલિયોમાં તમારું ઇમેઇલ આઇડી અને સીએએસ મોડ અપડેટ રાખો.

- સીએસએસ એ પર્મનન્ટ એકાઉન્ટ નંબર (પીએએન) મુજબ આપવામાં આવે છે. એકથી વધુ હોલ્ડિંગના કિસ્સામાં, તે 1st હોલ્ડરના પીએએન અને હોલ્ડિંગની પેટર્ન અનુસાર આપવામાં આવે છે.

- સીએએસ ડિફૉલ્ટ ડિપોઝિટરી (જે ડિપોઝિટરીને ત્યાં અગાઉ ડીમેટ ખાતું ખોલવામાં આવ્યું હોય તે) દ્વારા મોકલવામાં આવે છે.
- 23 વિવિધ ભારતીય ભાષાઓમાંથી ઇન્વેસ્ટર્સ તેમની પસંદગીની ભાષામાં ઇસીએએસ મેળવી શકે છે.

સીડીએસએલનું ઇ-સીએએસ એ ઈમેલ દ્વારા મોકલવામાં આવતું, ત્વરિત પ્રાપ્ત થતું, સંગ્રહ તેમજ રિટ્રીવ કરવામાં સરળ, પાસવર્ડ દ્વારા સુરક્ષિત અને ઇકો-ફ્રેન્ડલી એવું એક ઇન્ટરેક્ટિવ સીએએસ સ્ટેટમેન્ટ છે. ઇ-સીએએસ માટે અત્યારે જ તમારા ડીપીનો સંપર્ક કરો.

તમારું સીડીએસએલનું સીએએસ હમણાં જ ડાઉનલોડ કરો :
https://www.cdslindia.com/CAS/LoginCAS.aspx

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ફરિયાદ નિવારણ

સીડીએસએલની ફરિયાદ નિવારણ સુવિધાની મદદથી ઇન્વેસ્ટર્સ મદદ મેળવી શકે છે અને ઇન્વેસ્ટરની ફરિયાદનું તાત્કાલિક નિવારણ લાવી શકે છે.

તમારી ફરિયાદની વિગતો સાથે તરત જ તમારી ડીપી/જારીકર્તા કંપની/આરટીએનો સંપર્ક કરો.

જો ફરિયાદનું નિરાકરણ ન થાય, તો તમે સીડીએસએલના ફરિયાદ નિવારણ વિભાગનો સંપર્ક કરી શકો છો. https://www.cdslindia.com/eservices/footer/grievances

જો તે પછી પણ તમે સંતુષ્ટ નથી, તો સ્કોર્સ-સેબી ફરિયાદ નિવારણ સિસ્ટમ પર ફરિયાદ નોંધાવો https://scores.sebi.gov.in/

જો ડીપી અથવા અન્ય માર્કેટ પાર્ટિસિપન્ટ દ્વારા આપવામાં આવેલ ઉકેલથી ઇન્વેસ્ટર સંતુષ્ટ ન હોય, તો તેઓ ઓનલાઇન કન્સિલિએશન અથવા આર્બિટ્રેશન દ્વારા ઉકેલ લાવવા માટે SMARTODR પ્લેટફોર્મ પર ફરિયાદ/ગ્રીવન્સ નોંધાવી શકે છે https://smartodr.in/login

હંમેશા તમારા ડીમેટ ખાતા સંબંધિત ડૉક્યૂમેન્ટેશનની કૉપી જેમ કે એગ્રીમેન્ટ, પત્રો, ઇમેઇલ, ફેક્સ વગેરે જાળવી રાખો.

ફરિયાદના નિવારણ માટે ત્વરિત પગલાં લો અને સંબંધિત અધિકારીનો સંપર્ક કરો.

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ઇન્વેસ્ટર અવેરનેસ

સીડીએસએલ ઇન્વેસ્ટર્સને ડિપોઝિટરી વિશે, મૂડી બજારમાં વ્યવહારની રીતો વિશે અને ઇન્વેસ્ટર્સના અધિકારો અને જવાબદારીઓ વિશે શિક્ષિત કરીને સશક્ત બનાવે છે. આ માટે, સીડીએસએલ નિયમિત ધોરણે તેના ડીપી, એક્સચેન્જ, નાણાંકીય/શૈક્ષણિક સંસ્થાઓ, મીડિયા વગેરે સાથે ઇન્વેસ્ટર અવેરનેસ પ્રોગ્રામ (આઇએપી)નું આયોજન કરે છે.

આ આઇએપીમાં તમામ વ્યક્તિઓ માટે પ્રવેશ નિ:શુલ્ક છે.

કોઈપણ વર્તમાન તેમજ ભાવિ ઇન્વેસ્ટર્સ આ સેમિનારમાં ભાગ લઈ શકે છે.

પ્રવેશ 'વહેલા તે પહેલા' ના ધોરણે આપવામાં આવશે.

આ આઇએપીમાં મૂડી બજાર અને ડીમેટ વિશે વધુ માહિતી મેળવો.

તમારા માટેની શ્રેષ્ઠ પસંદગી કરવા માટે આઇએપીની વિસ્તૃત સૂચિ જુઓ.

## આઇએપીનું શેડ્યૂલ

https://www.cdslindia.com/eservices/Investors/InvestorCorner

કૃપા કરીને સેબીની પુસ્તિકા "સિક્યોરિટીઝ માર્કેટ: અન્ડરસ્ટેન્ડિંગ ફ્રોમ ઇન્વેસ્ટર્સ પર્સ્પેક્ટિવ" ડાઉનલોડ કરો

સિક્યોરિટીઝ માર્કેટ વિશે વધુ મૂળભૂત માહિતી માટે નીચે ક્લિક કરો.

https://www.cdslindia.com/downloads/Securities%20Market%20Booklet.pdf

**આ પુસ્તિકાને સંયુક્ત રીતે તૈયાર કરવામાં ફાળો આપનાર:**
https://www.cdslindia.com/eservices/Investors/InvestorCorner
સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા | સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસેસ (ઇન્ડિયા) લિમિટેડ | બોમ્બે સ્ટોક એક્સચેન્જ લિમિટેડ | નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ | નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડીયા લિમિટેડ | મેટ્રોપોલિટન સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# સોશિયલ મીડિયામાં હાજરી

સીડીએસએલ ફેસબુક, લિંક્ડઇન, એક્સ, ઇન્સ્ટાગ્રામ અને યુટ્યુબ જેવી સોશિયલ મીડિયા સાઇટ પર સક્રિય રીતે હાજર છે જ્યાં તેઓ મૂડી બજાર સંબંધિત માહિતી પ્રદાન કરે છે.

- https://www.facebook.com/cdslindia/
- https://www.linkedin.com/company/cdslindia/
- https://x.com/cdslindia/
- https://www.instagram.com/cdslindia/
- https://www.youtube.com/@CDSLIndiaLtd/featured

## 5 સરળ ટિપ્સ

બનો #AtmanirbharInvestor

- તપાસ કરો અને તમે સ્વયં સંશોધન કરો.
- માહિતગાર રહો અને અપડેટ રહો.
- રોકાણ કરતા પહેલાં જોખમોનું મૂલ્યાંકન કરો અને સમજો.
- ધીરજ અને ધ્યાન રાખવું મહત્વપૂર્ણ છે!
- સીડીએસએલની easi/ easiest જેવી ડિજિટલ સેવાઓનો લાભ લો અને ઇન્વેસ્ટર અવેરનેસ પ્રોગ્રામ (આઇએપી) માં હાજરી આપો.

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# અમારો સંપર્ક કરો

અમે દરેક આત્મનિર્ભર ઇન્વેસ્ટર અને દેશની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા માટે સમૃદ્ધ ભવિષ્ય બનાવવા માટે પ્રયત્નશીલ છીએ.

## સીડીએસએલ પ્રાદેશિક કાર્યાલય

### અમદાવાદ
શ્રી ઉત્પલ શાહ
203/204, અભિશ્રી એવન્યૂ, 2nd ફ્લોર, નેહરુ નગર સર્કલ પાસે, એસ.એમ.રોડ, આંબાવાડી, અમદાવાદ - 380 015, ગુજરાત.
ઈમેઇલ: utpals@cdslindia.com

### બેંગલુરુ
શ્રી સી.એસ. હરીશા
સી-02, 2nd ફ્લોર, જૈન હાઇટ્સ સોલસ 1, જે સી રોડ 1st ક્રોસ બેંગલુરુ - 560 027, કર્ણાટક.
ઈમેઇલ: csharisha@cdslindia.com

### ચેન્નઈ
શ્રી કાર્તિક બી
બીએસઇ ઇન્વેસ્ટર સર્વિસ સેન્ટર "ઇમ્પીરિયલ" A - ટાવર્સ, 8th ફ્લોર 610, અન્ના સલાઈ, તેનામ્પેટ, તેનામ્પેટ મેટ્રો સ્ટેશન પાસે, ચેન્નાઈ - 600 018
ઈમેઇલ: karthikb@cdslindia.com

### હૈદરાબાદ
શ્રી શિવ પ્રસાદ વેનિશેટ્ટી
101, ઇમ્પીરિયલ ટાવર,. અમીરપેટ મેટ્રો સ્ટેશનની સામે, અમીરપેટ, હૈદરાબાદ - 500 082, આંધ્ર પ્રદેશ.
ઈમેઇલ: shivap@cdslindia.com

### જયપુર
શ્રી યશવંત ગુપ્તા
ઑફિસ નં. 602, 6th ફ્લોર, કેજે સિટી ટાવર, અશોક માર્ગ, સી-સ્કીમ, જયપુર - 302 001, રાજસ્થાન.
ઈમેઇલ: yashwantg@cdslindia.com

### કોચી
શ્રી શિબુનાથ ટી.
બીએસઇ ઇન્વેસ્ટર્સ સર્વિસ સેન્ટર, શ્રી લક્ષ્મી ટાવર, 2nd ફ્લોર, રવિપુરમ રોડ, રવિપુરમ, એર્નાકુલમ, કેરળ, પિન કોડ - 680 016
ઈમેઇલ: shibunatht@cdslindia.com

### કોલકાતા
શ્રી મોલોય બિસ્વાસ
યુનિટ નં - A1 (II) અને A1 (III), બ્લૉક - A, 1st ફ્લોર, 22 કેમેક સ્ટ્રીટ, (અબનીન્દ્રનાથ ઠાકુર સારણી), કોલકાતા - 700 016, પશ્ચિમ બંગાળ.
ઈમેઇલ: moloyb@cdslindia.com

### લુધિયાણા
શ્રી ઇન્દરજીત સિંહ
214, લુધિયાણા સ્ટૉક એક્સચેન્જ બિલ્ડિંગ, ફિરોઝ ગાંધી માર્કેટ, લુધિયાણા - 141 001, પંજાબ.
ઈમેઇલ: inderjitp@cdslindia.com

### નવી દિલ્લી
શ્રી અમિતકુમાર જૈન
101, 1st ફ્લોર, અગ્રવાલ કોર્પોરેટ ટાવર, પ્લોટ નં. 23, ડિસ્ટ્રિક્ટ સેન્ટર, રાજેન્દ્ર પ્લેસ, નવી દિલ્હી - 110 008.
ઈમેઇલ: amitj@cdslindia.com

### પુણે
સુશ્રી અશ્વિની થોરાટ
ઑફિસ નં. 15, 1st ફ્લોર, ગ્લોબલ ટ્રેડ સેન્ટર, 1/1, રામબાગ કૉલોની, (એચડીએફસી બેંકની ઉપર), એલ.બી.એસ માર્ગ, નવી પેઠ, પુણે - 411 030, મહારાષ્ટ્ર.
ઈમેઇલ: ashwinit@cdslindia.com

### કાનપુર
શ્રી દેવેશ ધાર દુબે
પદમ ટાવર્સ-II, 14/113, કેબિન નં. 369, થર્ડ ફ્લોર, સિવિલ લાઇન્સ, કાનપુર નગર, કાનપુર - 208 001, ઉત્તર પ્રદેશ.
ઈમેઇલ: deveshd@cdslindia.com

### ઇંદોર
શ્રી કૃષ્ણા ગુપ્તા
320, રત્નમણિ કૉમ્પ્લેક્સ, 7/1, ન્યૂ પેલેસિયા, ઇન્દોર - 452 001, મધ્ય પ્રદેશ.
ઈમેઇલ: krishnag@cdslindia.com

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

**CDSL**

INVESTOR PROTECTION FUND TRUST

# અમારો સંપર્ક કરો

**સીઆઇએન: L67120MH1997PLC112443**

**રજિસ્ટર્ડ ઑફિસ: સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ,**
એ-વિંગ, મેરેથોન ફ્યુચરેક્સ, 25th ફ્લોર, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (ઈ), મુંબઈ - 400 013

**વેબસાઇટ** - https://www.cdslindia.com

ડિસ્ક્લેમર: આ પુસ્તિકાનો હેતુ ફક્ત માહિતી પૂરી પાડવાનો છે તેમજ તેના દ્વારા વાચક(કો) દ્વારા લેવામાં આવતા કોઈપણ પગલાં માટે કોઈ ભલામણ કે અભિપ્રાય આપવામાં આવેલ નથી. આ પુસ્તિકામાં આપવામાં આવેલ માહિતી વેચાણ અથવા ખરીદી અથવા સેવાની કોઈપણ ઓફર નથી, ઓફરનો ભાગ નથી કે તેનું તે પ્રકારનું અર્થઘટન પણ રજૂ કરતી નથી. આ પુસ્તિકામાં આપવામાં આવેલ માહિતી સદ્ભાવનાથી અને ભરોસાપાત્ર માનવામાં આવતા સ્રોતોમાંથી લેવામાં આવી છે, તેમ છતાં તેમાંનું લખાણ, ગ્રાફિક્સ, લિંક્સ કે અન્ય માહિતી સહિતની સામગ્રી કોઈપણ પ્રકારની વોરંટી વિના પૂરી પાડવામાં આવેલ છે તેમ વાચક(કો)એ નોંધ લેવા વિનંતી.

સીડીએસએલ આ પુસ્તિકાની ચોકસાઈ, સચ્ચાઈ, વિશ્વસનીયતા, ટાઇમલાઇન, મર્ચન્ટેબિલિટી અથવા કોઈપણ ચોક્કસ હેતુ માટેની યોગ્યતા અંગેની કોઈપણ વોરંટીનો સ્પષ્ટપણે અસ્વીકાર કરે છે. પુસ્તિકામાં આપવામાં આવેલ માહિતી અથવા ડેટાના (પ્રત્યક્ષ કે પરોક્ષ) ઉપયોગના પરિણામે કોઈ પણ રીતે થતા કોઈપણ પ્રકારના નુકસાન અથવા ક્ષતિ માટે સીડીએસએલ જવાબદાર રહેશે નહીં. સીડીએસએલની પૂર્વ સંમતિ વિના આ ન્યૂઝલેટર કે તેના કોઈપણ ભાગમાં કોઈપણ પ્રકારનો ફેરફાર, પ્રસારણ, આંશિક અથવા સંપૂર્ણ ફોટોકોપીનું વિતરણ અથવા તેના કોઈપણ પ્રકારનું પુનઃઉત્પાદન પ્રતિબંધિત છે.

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# **આત્મનિર્ભર ઇન્વેસ્ટર્સનું** સશક્તિકરણ સીડીએસએલ સાથે

- **સુવિધાજનક**
- **વિશ્વસનીય**
- **સુરક્ષિત**

## ડીમેટ ખાતાં

સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) એ ભારતની પ્રથમ અને એકમાત્ર લિસ્ટેડ એવી, દેશભરના ઇન્વેસ્ટર્સને વિશ્વસનીય અને સુરક્ષિત ડિજિટલ સેવાઓના ઉપયોગમાં સમર્થ બનાવવા માટે સમર્પિત ડિપોઝિટરી છે



CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# ડીમેટ ડેબિટ એન્ડ પ્લેજ ઇન્સ્ટ્રક્શન (ડીડીપીઆઇ)

બનો #AtmanirbharInvestor




## શું કરવું

- તમારા ડીમેટ ખાતામાં વ્યવહાર કરવા માટે પીઓએ આપતા પહેલાં સત્તાઓની હદ અને મર્યાદા તથા અસરો કાળજીપૂર્વક તપાસો.
- ડીમેટ ખાતું ખોલવા માટે પીઓએ ફરજિયાત નથી.

## શું ન કરવું

- તમારા બ્રોકરને સામાન્ય પીઓએ આપશો નહીં. હંમેશા મર્યાદિત હેતુ ધરાવતા પીઓએ પસંદ કરો.
- નૉન-રિવૉકેબલ પીઓએ આપશો નહીં. તમે આપેલ પીઓએને નકારી કે રદ કરી શકતાં નથી.

વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**

CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# આત્મનિર્ભર ઇન્વેસ્ટર્સનું સશક્તિકરણ

## આત્મવિશ્વાસુ અને સ્વ-નિર્ભર ઇન્વેસ્ટર્સના રાષ્ટ્રનું નિર્માણ

- ડીમેટ અને એમએફમાં રોકાણોની સંયુક્ત માહિતી.
- ડીમેટ અથવા એમએફ માં થયેલ કોઈપણ ટ્રાન્ઝૅક્શનના કિસ્સામાં માસિક સ્ટેટમેન્ટ.
- જો કોઈ ટ્રાન્ઝૅક્શન થયેલ ન હોય તો અર્ધ-વાર્ષિક હોલ્ડિંગ સ્ટેટમેન્ટ.
- ઇસીએએસ સેવાનો લાભ લેવા માટે તમારા ડીમેટ એકાઉન્ટ/એમએફ ફોલિયોમાં તમારું ઇમેઇલ આઇડી અને સીએએસ મોડ અપડેટ રાખો.

CDSL

INVESTOR PROTECTION FUND TRUST



CDSL
INVESTOR PROTECTION FUND TRUST

# અમારો સંપર્ક કરો

અમે દરેક સ્વ-નિર્ભર ઇન્વેસ્ટર તથા સતત વિકસી રહેલ રાષ્ટ્રની અર્થવ્યવસ્થા માટે સમૃદ્ધ ભવિષ્ય બનાવવા માટે પ્રયત્નશીલ છીએ. 3 કરોડ આત્મનિર્ભર નિવેશક સાથે જોડાઓ

## સીડીએસએલ પ્રાદેશિક કાર્યાલય


### અમદાવાદ
શ્રી ઉત્પલ શાહ
203/204, અભિશ્રી એવન્યૂ, 2nd ફ્લોર, નેહરુ નગર સર્કલ પાસે, એસ.એમ.રોડ, આંબાવાડી, અમદાવાદ - 380 015, ગુજરાત.
ઈમેઇલ: utpals@cdslindia.com

### બેંગલુરુ
શ્રી સી.એસ. હરીશા
સી-02, 2nd ફ્લોર, જૈન હાઇટ્સ સોલસ 1, જે સી રોડ 1st ક્રોસ બેંગલુરુ - 560 027, કર્ણાટક.
ઈમેઇલ: csharisha@cdslindia.com

### ચેન્નઇ
શ્રી કાર્તિક બી
બીએસઇ ઇન્વેસ્ટર સર્વિસ સેન્ટર "ઇમ્પીરિયલ" A - ટાવર્સ, 8th ફ્લોર 610, અન્ના સલાઈ, તેનામ્પેટ, તેનામ્પેટ મેટ્રો સ્ટેશન પાસે, ચેન્નાઈ - 600 018
ઈમેઇલ: karthikb@cdslindia.com

### હૈદરાબાદ
શ્રી શિવ પ્રસાદ વેનિશેટ્ટી
101, ઇમ્પીરિયલ ટાવર,. અમીરપેટ મેટ્રો સ્ટેશનની સામે, અમીરપેટ, હૈદરાબાદ - 500 082, આંધ્ર પ્રદેશ.
ઈમેઇલ: shivap@cdslindia.com

### જયપુર
શ્રી યશવંત ગુપ્તા
ઑફિસ નં. 602, 6th ફ્લોર, કેજે સિટી ટાવર, અશોક માર્ગ, સી-સ્કીમ, જયપુર - 302 001, રાજસ્થાન.
ઈમેઇલ: yashwantg@cdslindia.com

### કોચી
શ્રી શિબુનાથ ટી.
બીએસઇ ઇન્વેસ્ટર્સ સર્વિસ સેન્ટર, શ્રી લક્ષ્મી ટાવર, 2nd ફ્લોર, રવિપુરમ રોડ, રવિપુરમ, એર્નાકુલમ, કેરળ, પિન કોડ - 680 016
ઈમેઇલ: shibunatht@cdslindia.com

### કોલકાતા
શ્રી મોલોય બિસ્વાસ
યુનિટ નં - A1 (II) અને A1 (III), બ્લૉક - A, 1st ફ્લોર, 22 કેમેક સ્ટ્રીટ, (અબનીન્દ્રનાથ ઠાકુર સારણી), કોલકાતા - 700 016, પશ્ચિમ બંગાળ.
ઈમેઇલ: moloyb@cdslindia.com

### લુધિયાણા
શ્રી ઇન્દરજીત સિંહ
214, લુધિયાણા સ્ટોક એક્સચેન્જ બિલ્ડિંગ, ફિરોઝ ગાંધી માર્કેટ, લુધિયાણા - 141 001, પંજાબ.
ઈમેઇલ: inderjitp@cdslindia.com

### નવી દિલ્લી
શ્રી અમિતકુમાર જૈન
101, 1st ફ્લોર, અગ્રવાલ કોર્પોરેટ ટાવર, પ્લોટ નં. 23, ડિસ્ટ્રિક્ટ સેન્ટર, રાજેન્દ્ર પ્લેસ, નવી દિલ્હી - 110 008.
ઈમેઇલ: amitj@cdslindia.com

### પુણે
સુશ્રી અશ્વિની થોરાટ
ઑફિસ નં. 15, 1st ફ્લોર, ગ્લોબલ ટ્રેડ સેન્ટર, 1/1, રામબાગ કૉલોની, (એચડીએફસી બેંકની ઉપર), એલ.બી.એસ માર્ગ, નવી પેઠ, પુણે - 411 030, મહારાષ્ટ્ર.
ઈમેઇલ: ashwinit@cdslindia.com

### કાનપુર
શ્રી દેવેશ ધાર દુબે
પદમ ટાવર્સ-II, 14/113, કેબિન નં. 369, થર્ડ ફ્લોર, સિવિલ લાઇન્સ, કાનપુર નગર, કાનપુર - 208 001, ઉત્તર પ્રદેશ.
ઈમેઇલ: deveshd@cdslindia.com

### ઇંદોર
શ્રી કૃષ્ણા ગુપ્તા
320, રત્નમણિ કૉમ્પ્લેક્સ, 7/1, ન્યૂ પેલેસિયા, ઇન્દોર - 452 001, મધ્ય પ્રદેશ.
ઈમેઇલ: krishnag@cdslindia.com


વધુ માહિતી માટે મુલાકાત લો: **www.cdslindia.com**